આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-29-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# ફિજી પ્રધાનમંત્રી મુલાકાત

ફિજીના નાયબ પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાતથી ભારત - ગુજરાત ફિજી વચ્ચે અસરકારક અને પરિણામદાયી સહભાગીતાનો સુદ્રઢ સંબંધ પ્રસ્થાપિત થશે, તેવી આશા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

ફિજીના નાયબ પ્રધાનમંત્રી મનોઆ કામિકામિકાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ મુલાકાતમાં ફિજીના નાયબ પ્રધાનમંત્રીએ ગુજરાતે ડેરી ઉદ્યોગ સહિત કૃષિ ક્ષેત્રે જે વિકાસ કર્યો છે, તેનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી.

તેમણે કૃત્રિમ બુધ્ધિમત્તા અને ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી તથા સાઇબર સિક્યુરિટી ક્ષેત્રમાં પણ ગુજરાત ફિજીને સહયોગ કરી શકે તેવી સંભાવનાઓ અંગે ચર્ચા કરી હતી. ફિજીમાં શેરડીનું મોટાપાયે ઉત્પાદન થાય છે, જેથી ઇથેનોલ બનાવવા ગુજરાત સહયોગ કરી શકે તેમ હોવાનું ફિજીના નાયબ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ ફિજીના નાયબ પ્રધાનમંત્રી ગિફ્ટસિટી અને અમુલ- આણંદની મુલાકાત લેશે.

RNU અમદાવાદ

---

RNU BHUJ

## વિશ્વ કર્મા યોજના

દેશમાં **25** લાખથી વધુ કલા કસબીઓ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ આવરી લેવાયા છે. કેન્દ્રિય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગરાજય મંત્રી શોભાએ લોકસભામાં આ મુજબ જણાવ્યું હતું. પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ સપ્ટેમ્બર **2023**થી ઓકટોબર **2024** સુધીમાં **2** હજાર **122** કરોડ રૂપિયા લાભાર્થીઓને મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, આ યોજના હેઠળ **30** લાખથી વધુ કલા કસબીઓની નોંધણી કરવામાં આવશે.

RNU નેશનલ

---

## ઉજાલા યોજના

કેન્દ્ર સરકારની ઉજાલા યોજના હેઠળ ઉપયોગમાં લેવાતા એલઇડી બલ્બના કારણે સમગ્ર દેશમાં એક વર્ષમાં ચાર હજાર **800** કરોડ યુનિટ વીજળીની બચત થઇ છે તેમજ **4** કરોડ ટન કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ઘટાડી શકાયું છે.

કેન્દ્રિય વીજ રાજયમંત્રી શ્રીપાદ નાઇકે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે, આ યોજનાના કારણે દર વર્ષે **19** હજાર કરોડ રૂપિયાથી વધુની બચત શક્ય બની છે. તેમણે કહ્યું કે, ઉજાલા યોજના હેઠળ ઉર્જા કાર્યક્ષમ સેવા સંસ્થાએ **37** કરોડ એલઇડી બલ્બ, **77** લાખથી વધુ એલઇડી ટ્યુબ અને **24** લાખ ઉર્જા કાર્યક્ષમ પંખાઓનું વિતરણ દેશભરમાં કર્યું છે.

RNU નેશનલ

---

## ભારતીય માછીમાર

પાકિસ્તાને ગત જુલાઇ મહિનામાં આપેલી યાદી મુજબ પાકિસ્તાનની જેલમાં ગુજરાતના આશરે **139** સહિત કુલ **211** ભારતીય માછીમારો છે. વિદેશ રાજયમંત્રી કિર્તીવર્ધનસિંહે રાજયસભામાં એક પ્રશ્નના આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય તટરક્ષકદળના જહાજ અને વિમાનો આંતરરાષ્ટ્રીય જળસરહદ નજીકના જળ વિસ્તારમાં ચાંપતી નજર રાખીને ભારતીય માછીમારોને જરૂરી માર્ગદર્શન આપે છે. વિદેશ રાજ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ભારતે આ અંગેની વિગતો સમયાંતરે અને નિયમિત રીતે આપવા પાકિસ્તાની સત્તાવાળાઓને નિર્દેશ આપ્યો છે.

**RNU** અમદાવાદ

----------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજ્યમાં આગામી દિવસોમાં શુષ્ક હવામાન રહેશે. આગામી બે દિવસ તાપમાનમાં અંશિક વધારો થતા ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. જો કે ત્યારબાદ બે દિવસ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો નોંધાશે. નલિયા અને કંડલામાં લઘુતમ ઉષ્ણતામાન **15** ડિગ્રી જયારે ભુજમાં **19** ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો ભુજમાં મહતમ તાપમાન **35** ડિગ્રી નોંધાયું હતું.

**N.P/** કૃપાલી મહેચ્છા

----------------------------------------------------------------------

## હેલ્મેટ ડ્રાઈવ

પશ્ચિમ કચ્છ જિલ્લામાં અકસ્માતના બનાવો અટકાવવા માટે ગુરુવારે ડ્રાઇવ રાખવામાં આવી હતી. જેમાં હેલ્મેટ વગર વાહન ચલાવતા ચાલકો પર કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા ટ્રાફિક ઉપરાંત અલગ અલગ પોલીસ સ્ટેશનો દ્વારા યોજવામાં આવેલી આ ડ્રાઇવમાં હેલ્મેટ વગર વાહન ચલાવતા **493** વાહન ચાલક વિરુધ્ધ એન.સી. કેસો કરવામાં આવ્યા હતા. જેથી વાહન ચાલકોને હેલ્મેટ પહેરી વાહન ચલાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**N.P/** કૃપાલી મહેચ્છા

---

RNU BHUJ